ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ

# આસપાસ ચોપાસ

**આસપાસ**નાં પ્રદેશની સિદ્ધિ અને સમસ્યાની વાત...!

**આસપાસ**નાં પ્રદેશની સિદ્ધિ અને સમસ્યાની વાત...!

● મંગળવાર તા. ૧૧ ઓકટોબર, ૨૦૧૧

| દેલાડવા - ગામની વસ્તી | | | |
|---|---|---|---|
| જાતિ | સ્ત્રી | પુરૂષ | કુલ |
| અનુસુચિત જાતિ | ૫૧ | ૭૦ | ૧૨૧ |
| અનુસુચિત જનજાતિ | ૨૦૪ | ૪૧૦ | ૬૧૪ |
| બક્ષી પંચ | ૧૫૧ | ૨૦૦ | ૩૫૧ |
| અન્ય | ૧૨૫ | ૨૦૦ | ૩૨૫ |
| **કુલ** | **૫૩૧** | **૮૮૦** | **૧૪૧૧** |

# ભૂતકાળનાં ભવ્ય વારસા પછી વર્તમાન વિકાસની મથામણ કરતું દેલાડવા



ચોર્યાસી તાલુકાનું દેલાડવા ગામ ભવ્ય ભૂતકાળ ધરાવતું ગામ છે. મૂળ ગામનું નામ દેવરાજપુર હતું. વસ્તી વધતા હાલનાં સ્થળે સને ૧૮૫૬માં વસવાટ કર્યો અને દેવરાજપુરનું નામ બદલી દેલાડવા ગામ પડયું હતું. અસ્સલ બ્રિટિશ શાસનના સમયે દેસાઇઓને દેસાઇગીરી પણ મળી હતી. ગામનાં જે અનાવિલો ઉચ્ચ હોદ્દાઓ ઉપર પણ ફરજ બજાવી ચૂકયા છે. તો ઘણાં મોટા ધંધામાં પણ જોડાયા છે. આ દેલાડવા ગામ સુવિધાથી વંચિત હોવા છતાં વિકાસ માટે મથામણ કરતું જોવા મળે છે. (તસવીરઃ દિપકસિંહ મહિડા, અંત્રોલી)

## ટાઉન ટોક

**સરજુ મોદી**

સુરત મહાનગરપાલિકા વિસ્તારને અડોઅડ આવેલ ચોર્યાસી તાલુકાનું દેલાડવા ગામ ભૂતકાળમાં ભવ્ય વારસો



અમૃતલાલ દેસાઇ
નિવૃત્ત ડી.વાય.એસ.પી.



વસંતભાઇ પટેલ - ઉપસરપંચ

ધરાવતું હતું. પરંતુ વર્તમાનમાં સરકારીતંત્રનાં અન્યાયથી ગામલોકોએ વર્તમાન વિકાસ માટે મથવું પડી રહ્યુ છે. દલાડવા ગામ છુટાછવાયા દશ ફળીયામાં ફેલાયેલું હોવા છતાં ગામમાં એક પાણીની ટાંકી છે. જેની હાલત પણ જર્જરીત હોય ગામલોકો પાણીની વિકટ સમસ્યાનાં એંધાણ આપી રહ્યા છે. તો ગામને જોડતા આવેલા માર્ગોની હાલત પણ બિસ્માર છે. જ્યારે ખેતી ઉપયોગી તથા નોકરીયાતો માટે ઉપયોગી અનુક્રમે ચલથાણ, સુરત માર્ગની હાલત કથળેલી હોય ગામવાસીઓએ પરેશાનીનો



વન કુટીર

ભોગ બનવું પડે છે. જ્યારે ગામમાં આરોગ્ય સેવાનું નામોનિશાન નથી. તો એસ.ટી. બસનાં દર્શન પણ ગામે થતાં ન હોય જ્યારે

**અસ્સલ દેવરાપૂર તરીકે ઓળખાતું ગામ બે કી.મી. દૂર વસીને દેલાડવા તરીકે ઓળખાવા માંડયુ છે**

ઈમરજન્સીમાં ગરીબવર્ગે ઘણી મથામણ કરવી પડે છે. ૨૦૦૧ની વસ્તી ગણતરી પ્રમાણે ૧૪૦૦નો



કોમ્યુનિટી હોલ

વસ્તીઆંક અને હાલની વસ્તી પ્રમાણે બે હજારનો આંક વટાવી ચૂકયો હોવા છતાં ગામમાં રાહતદરની સસ્તા અનાજની દુકાન ફાળવવામાં ન આવતાં ગામવાસીઓએ બે કી.મી. દૂર સણીયા કણદે સુધી જવું પડે છે. આમ અનેક સમસ્યાઓનો સામનો ગામલોકોએ કરવા પડી રહ્યો છે.

દેલાડવા ગામની મૂળ વાત પર આવ્યે તો દેલાડવા ગામનું નામ દેવરાજપુર હતું જે હાલના ગામનાં વસવાટથી બે કી.મી.નાં અંતરે વસવાટ હતો. બદલાતા સમયમાં ગામની વસ્તી વધતા હાલનાં સ્થળે ઈ.સ. ૧૫૮૬ પહેલા વસવાટ કર્યો હતો. અને ગામનું નામ દેવરાજપુરમાંથી દેલાડવા પડ્યુ હોવાનું કહેવાય છે. બ્રિટીશ શાસન દરમિયાન દેલાડવાનાં દેસાઈઓને દેસાઈગીરી પણ મળતી હતી. ત્યાર પછી પ્લેગની મહામારી થઈ તે સમયે દેસાઈઓનો ૧૫૦ કુટુંબો વસવાટ કરતા હતાં. જેમાંથી ઘણી વસ્તીઓ પ્લેગનાં રોગનાં ભરડામાં આવી ગઈ

**દેલાડવાનાં અમૃતલાલ દેસાઇ પોલીસ વિભાગમાં ફરજ બજાવતાં સેવા મેડલ તથા રાષ્ટ્રપતિ ચંદ્રક પણ મેળવી ચૂકયા છે**

હોવાનું જાણવા મળે છે. દેલાડવા ગામનો રેવન્યુ વિસ્તાર ૬૪૭ હેકટરમાં પથરાયેલો છે. જેમાં ગામ પંચાયતમાં નોંધાયેલા ઘરોની સંખ્યા ૪૧૬ છે. ગુજરાતમાં દેશીરજવાડા નાબુદ થઈ પંચાયતી



વસંતરાય દેસાઇ માજી સરપંચ

રાજ અમલમાં આવતાં સને ૧૯૫૮ સ્વતંત્ર ગ્રામ પંચાયતનો દરજ્જો મળ્યો હતો. જેમાં સાત સભ્યોની સંખ્યાબળ ધરાવતી સ્વતંત્ર ગામપંચાયત મળી હતી. તો ગામ છુ ટાછવાયા બાર ફળીયામાં



હાર્દિક દેસાઇ

વહેંચાયેલા છે. જેમાં ખડકીફળીયુ, મોટુફળીયુ, ઝાંપલીફળીયુ, ગોકુળફળીયુ, સૂઈફળીયુ, નવા ફળીયા, કુંભારવાડ, મોરવાડ, હળપતિવાસ, માહ્યાવંશી મહોલ્લો,

(અનુસંધાન પાના નવ પર)



રાધાક્રિષ્ણા મંદિર

## દેલાડવા ગામનાં વિકાસમાં પાયાનાં પથ્થર તો વિપિનભાઇ દેસાઇ જ રહ્યા

*ચોર્યાસી તાલુકાનાં દેલાડવા ગામને મળવાપાત્ર સુવિધાઓ*



વિપિનભાઇ દેસાઇ - આગેવાન

*અપાવવા માટે સદાયે સક્રીય રહેલા વિપિનભાઈ દેસાઈ જ ગામનાં વિકાસમાં પાયાનાં પથ્થરની ભૂમિકા નિભાવી છે. સને ૧૯૫૮થી સને ૨૦૧૧ સુધીનાં ૫૪ વર્ષનાં દેલાડવા ગામ પંચાયતનાં શાસનમાં એકમાત્ર મહીલા સરપંચ તરીકે વિપિનભાઈ દેસાઈનાં ધર્મપત્ની નિમાબેન દેસાઈ રહ્યા છે. જે હાલ પણ કાર્યરત છે.*

*દેલાડવા ગામનાં સદ્‌ભાગ્યે સામાજિક અન્ય ક્ષેત્રે આગવી સૂઝ ધરાવતાં બિપિનભાઈ દેસાઈએ ગામનાં વિકાસમાં મહત્વનો ભાગ ભજવ્યો છે. તેમની સૂઝથી જ દેલાડવાવાસીઓને મિનરલ વોટર પ્લાન્ટમાંથી શુદ્ધ પાણી મળી રહ્યુ છે. વિપિનભાઈ રચનાત્મક*



સરપંચ નિમાબેન દેસાઇ

*કાર્યોમાં પોતાના ગજવાનાં*

(અનુસંધાન પાના નવ પર)

**પિયત મંડળી શરૂ કરાવવા ઉપરાંત ગામલોકોને મીનરલ વોટર પ્લાન્ટની સુવિધા અપાવી છે : વિપિનભાઇનાં ધર્મપત્ની નિમાબેન દેસાઇ ગામનાં પ્રથમ મહિલા સરપંચ તરીકે ફરજ બજાવે છે**

## દેલાડવા-સુરતનો એપ્રોચ માર્ગ જિલ્લા પંચાયતની આડોડાઇથી બિસ્માર!

સુરત મહાનગરપાલિકાનાં હદ વિસ્તારને અડોઅડ આવેલ અધિકારઓનું પેટનું પાણી હાલતું નથી.



બિસ્માર એપ્રોચ માર્ગ

દેલાડવા ગામ અને મહાનગરપાલિકાનાં હદ વિસ્તારને જોડતો અડધો કી.મી. નો માર્ગ છેલ્લા ઘણાં વર્ષોથી રિપેર ન થતાં હાલ ચંદ્રભૂમિને શરમાવે તેવો થઈ ચૂકયો છે. દેલાડવા ગામેથી ખરવાસા, ડીંડોલી થઈ સુરત માર્ગને જોડતો ટુંકા અંતરનો માર્ગ આવેલો છે. આ માર્ગ મહાનગરપાલિકાની

(અનુસંધાન પાના નવ પર)

દેલાડવા ગામથી સુરત જવા માટેનાં ટુંકા અંતરનાં માર્ગની જિલ્લા પંચાયત માર્ગ-મકાન વિભાગ મરામત ન કરતાં ગામલોકોએ ઘણી હાલાકી ભોગવવી પડે છે. આ એપ્રોચ માર્ગ પર આવેલ ગરનાળાનું રિપેરીંગ ન થતાં માર્ગ ડેમેજ થઈ રહ્યો છે. પરંતુ નફ્ફટ



બિસ્માર ગરનાળુ

**મનપાની હદ સુધીનો માર્ગ બની ગયો, ત્યારે જિલ્લા પંચાયત ગરનાળું પણ રિપેરીંગ કરાવતી નથી**

## ખેતીનાં વિકલ્પે હીરા ઉદ્યોગ તરફ વળેલા સૌરાષ્ટ્રવાસીઓ હવે ખેતી તરફ વળવા માંડયા!!

છેલ્લા બે-ત્રણ દાયકામાં અનિયમિત વરસાદ, પૂર્ણ કે અર્ધ અછતનાં સતત આવેલા વર્ષો, સિંચાઈની અપૂરતી વ્યવસ્થાને કારણે ગુજરાતની અને તેમાંય સૌરાષ્ટ્રની ખેતી ઉપર ખૂબ જ માઠી અસર જોવા મળી હતી, તેમાં પણ ૮૫,૮૬,૮૭નાં ભીષણ દુષ્કાળે તો ખેડૂતની કમર તોડી નાંખી હતી. રાજયનાં અર્થતંત્ર ઉપર પણ ખૂબ લાંબાગાળાની વિપરિત અસર પડી હતી.

**રાજયમાં જળસંચયનું પ્રચંડ અભિયાન શરૂ થયું. સૌરાષ્ટ્ર સહિત રાજયના તમામ જિલ્લાઓમાં હજારોની સંખ્યામાં તળાવો, ચેકડેમ, ખેતતલાવડી, બોરીબંધ વગેરેનું નિર્માણ થયું**

આ સંજોગોમાં અસલામત ખેતી ઉપર જીવન જીવવું દોહ્યલું બનતા સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત (બનાસકાંઠા)નાં ખેડૂતોએ દૂરંદેશી વાપરી હીરા ઉદ્યોગમાં ખાસ કરીને ભાવનગર, સુરત તરફ દોટ મૂકી. સુરતની ધરતી આ ખેડૂત પુત્રો માટે ખૂબ જ શુકનિયાળ સાબિત થઈ. આમ પણ આપણો ખેડૂત પરિશ્રમી અને ઉદ્યમી તો છે જ વળી કોઠાસૂઝ અને વહેપારી ડહાપણ તો ખરું જ. આ બધી જ બાબતોએ તેની મૂળ કામ કરવાની આવડતમાં વધારો કર્યો. વતનની ખેતી અને તેમને સૂરત જવા અને રહેવા માટે મજબૂર પણ કરેલા એટલે સુરત રહેવું ફરજિયાત બન્યું હતું. જે તે સમયે રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય હીરા બજાર, ઉત્પાદનની જરૂરિયાત વગેરે. સઘળી પરિસ્થિતિએ પણ સાથ આપ્યો. વર્ષો વિતતા ગયા નાનો કારીગર ઘંટીવાળો બન્યો

**સૌરાષ્ટ્રવાસીઓએ પાણીની ચિંતા સેવવાનું ચાલુ કર્યું, માત્ર ચિંતા જ નહિં પરંતુ પાણીની સમસ્યાનો ઉકેલ લાવવા પોતાની ફરજ સમજીને જે કંઇ કરવું પડે તે કરવાની તૈયારીઓ પણ શરૂ કરી**

**સૌને એક જ વાતનો રંજ રહેતો હતો કે સુરતમાં ૨૪ કલાક કે જરૂર કરતાં વધુ પીવા-વાપરવાનું પાણી મળી રહે અને જયારે વતનમાં જઇએ ત્યારે સાંભળવાનું કે, 'ભાઇ સાચવીને ખપ પૂરંતુ જ પાણી વાપરજો**

(અનુસંધાન પાના નવ પર)

